RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 214, Dt.27-11-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દેશમાં મફત રાશન લેવાની વૃત્તિ વધી છેઃ સુપ્રીમની ટકોર

## ઈ-શ્રમ પોર્ટલ પર રજીસ્ટર્ડ શ્રમિકોને મફત અનાજ મળતુ ન હોવાના મુદ્દે કાનૂની જંગઃ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ પાત્રતા ધરાવતા લોકોને રાશન અપાતુ હોવાની કેન્દ્ર સરકારની દલીલઃ સુપ્રીમે એ વાતની પણ ટકોર કરી કે કોવિડ કાળ અલગ હતો પણ હવે આ બાબતે વિચાર કરવો પડશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે મંગળવારે મફત રાશન પર આકરી ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, રાશનકાર્ડ પર મફત ખોરી વધી રહી છે. કોવિડનો સમયગાળો અલગ હતો, જ્યારે સ્થળાંતર કામદારોને રાહત આપવા માટે મફત રાશન આપવામાં આવ્યું હતું.

મંગળવારે જસ્ટિસ સૂર્યકાન્ત અને જસ્ટિસ ઉજ્જવલ ભુયાનની બેંચે તમામ પરપ્રાંતીય કામદારો માટે મફત રાશનની માંગ કરતી એક એનજીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી હતી.

એનજીઓના વકીલ પ્રશાંત ભૂષણે કહ્યું કે, સુપ્રીમ કોર્ટે ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલાં તમામ કામદારોને મફત રાશન અને રેશન કાર્ડ આપવાનો નિર્દેશ આપ્યો હતો, પરંતુ તેમ થઈ રહ્યું નથી.

તેનાં પર જસ્ટિસ કાંતે કહ્યું કે, રેશન કાર્ડ એક મહત્વપૂર્ણ સત્તાવાર દસ્તાવેજ છે જે વ્યક્તિની ઓળખ અને અધિકારો સાથે જોડાયેલ છે. મુશ્કેલી ત્યારે આવે છે જ્યારે આપણે મફતમાં મળતી વસ્તુઓ પર વધુ ધ્યાન આપીએ છીએ. હવે તેમાં વધારો થઈ રહ્યો છે. કોવિડનો સમય અલગ હતો, પરંતુ હવે આપણે તેનાં પર વિચાર કરવો પડશે.

કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલાં સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અરજદારના વકીલ ભૂષણની દલીલો સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, સરકાર ૨૦૧૩ના રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમથી બંધાયેલી છે અને કાયદાકીય રીતે જે પણ સત્તા આપવામાં આવશે તે આપવામાં આવશે. કોવિડ દરમિયાન, એવી કેટલીક એનજીઓ હતી જેણે રોગચાળા દરમિયાન ગ્રાઉન્ડ લેવલ પર કામ કર્યું ન હતું અને તે એફિડેવિટ પર કહી શકે છે કે અરજદાર તે એનજીઓમાંથી એક છે.

ખંડપીઠે કહ્યું કે, આ દાવો વિરોધી નથી અને કોર્ટ બંને પક્ષોને સમાવવા માટે એક સામાન્ય કારણ શોધવાનો પ્રયાસ કરશે. કેસની આગામી સુનાવણી ૯ ડિસેમ્બરે થશે. આ કેસમાં, ૨ સપ્ટેમ્બરના રોજ સર્વોચ્ચ અદાલતે કેન્દ્રને ૨૦૨૧ અને તે પછીનાં સ્થળાંતર કામદારોને રેશન કાર્ડ અને અન્ય કલ્યાણના પગલાં પ્રદાન કરવા રાશન પ્રદાન કરી રહ્યું છે.

## સંસદના શિયાળુ સત્રનો બીજો દિવસઃ લોકસભામાં અદાણી મુદ્દે હોબાળો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સંસદના શિયાળુ સત્રનો આજે બીજો દિવસ છે. લોકસભામાં સવારે ૧૧ વાગ્યે કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષે અદાણી મુદ્દે હોબાળો મચાવ્યો હતો. લોકસભા અધ્યક્ષે ગૃહને બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દીધું હતું.

રાહુલ ગાંધીએ સંસદની બહાર કહ્યું કે અદાણી પર અમેરિકામાં ૨ હજાર કરોડ રૂપિયાની લાંચ આપવાનો આરોપ છે. તેમને જેલમાં ધકેલવા જોઈએ. મોદી સરકાર તેમને બચાવી રહી છે.

૨૧ નવેમ્બરે, યુનાઇટેડ સ્ટેટ્સ એટર્ની ઑફિસે કહ્યું હતું કે અદાણીએ ભારતમાં સૌર ઊર્જા સંબંધિત કોન્ટ્રાક્ટ મેળવવા માટે ભારતીય અધિકારીઓને ૨૬૫ મિલિયન ડોલર (લગભગ ૨૨૦૦ કરોડ રૂપિયા)ની લાંચ આપી હતી અથવા આપવાની યોજના બનાવી હતી.

## જમ્મુમાં આતંકીઓને પકડી પાડવા છ જિલ્લાના પ૬ સ્થળે દરોડા

### શંકાસ્પદોની ધરપકડ દરમિયાન હથિયાર, નકલી રોકડ, વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યા

**મુખ્ય સમાચાર, જમ્મુ-કાશ્મીર**

જમ્મુ ક્ષેત્રમાં માથુ ઉંચકી રહેલા આતંકવાદનાં સાપની ફેણને કચડી નાખવા માટે પોલીસે ગત ૪૮ કલાકમાં ઉધમપુર, રિયાસી, કિશ્તીવાડ, રામબન, રાજૌરી અને પુંચ જિલ્લામાં તાબડતોબ કાર્યવાહી કરી છે.

પોલીસે આ ૬ જીલ્લામાં સક્રિય આતંકી સંગઠન જૈશ એ મોહમ્મદ અને લશ્કર એ તોયબાનાં નેટવર્કમાં સામેલ તત્વોના પ૬ ઠેકાણાઓમાં તલાસી લઈને આતંકવાદની કમરને તોડી નાંખી છે.



આ કાર્યવાહી દરમ્યાન જુદા જુદા ઓવર ગ્રાઊન્ડ વર્કસ (ઓજી ડબલ્યુ) અને શંકાસ્પદ આતંકીઓને પકડવા ઉપરાંત ઈલેકટ્રોનિક ઉપકરણ, વાંધાજનક દસ્તાવેજ, મોટી માત્રામાં બોગસ રોકડ, હથીયાર અને અન્ય સામાન સરંજામ જપ્ત કર્યા છે. પોલીસ આ અભિયાન ગત બે વર્ષ દરમ્યાન રાજૌરી, કિશ્તવાડમાં થયેલા વિભીન્ન આતંકી હુમલા અને સીમા પારથી આતંકીઓની ઘુસણખોરીની તપાસ દરમ્યાન મળેલા પુરાવાના આધારે ચાલી રહી છે.

જમ્મુ વિભાગનાં એડીજીપી આનંદ જૈને જણાવ્યું હતુ કે જમ્મુ ક્ષેત્રમાં જે પણ તત્વો હિંસા ફેલાવવા આતંકીઓની મદદ કરવા તેમનું નેટવર્ક તૈયાર કરવામાં સામેલ છે. તેમને ચિન્હીત કરી તેમની વિરૂધ્ધ એક અસરકારક અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં જમ્મુ ક્ષેત્રમાં પ૬ જુદી જુદી જગ્યાઓએ દરોડા પાડવામાં આવ્યા હતા.

આ ઉપરાંત પોલીસે રિયાસી જીલ્લામાં ૧૦ જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા હતા. એડીજીપીએ જણાવ્યું હતુ કે આતંકની વિરૂદ્ધ ચાલી રહેલા અભિયાનમાં લોકો પર સાથ આપે. લોકો પોતાની આસપાસ કોઈપણ શંકાસ્પદ ગતિવિધેયક વ્યકિતઓની પોલીસને માહિતી આપે.

## લોથલમાં ભેખડ ધસી પડતા બે મહિલા અધિકારી દટાયાંઃએકનું ઘટના સ્થળે જ મોત, અન્યની હાલત ગંભીર, માટીના સેમ્પલ લેતા સમયે અકસ્માત સર્જાયો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતનું હડપ્પા સંસ્કૃતિનું મહત્ત્વનું કેન્દ્ર ગણાતા લોથલમાં આજે ભેખડ ધસી પડતા બે મહિલા અધિકારીઓ દટાયાં હતાં. દિલ્હી અને ગાંધીનગરથી માટીના સેમ્પલ માટે ગયેલા બંને મહિલા અધિકારીઓ સેમ્પલ મેળવી રહ્યાં હતાં ત્યારે જ ભેખડ ધસી પડતાં બંને દટાયાં હતાં. જેમાં એક મહિલા અધિકારીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અન્યની હાલત ગંભીર ગણાવાઈ રહી છે.



અમદાવાદ જિલ્લાના લોથલમાં હાલ મેરિટાઈમ મ્યુઝિયમની કામગીરી ચાલી રહી છે. તેની નજીકમાં જ આવેલી જૂની સાઈટ પાસે રસ્તાનું કામ ચાલી રહ્યું હતું. મળતી માહિતી મુજબ દિલ્હીથી અધિકારી અને સ્ટુડન્ટ્સ માટીનાં સેમ્પલ માટે આવ્યા હતા. જેઓએ જેસીબીથી એક ૧૫ ફૂટનો ખાદ્દો ખોદાવ્યો હતો અને ત્યારબાદ તેમાં સેમ્પલ લેવા માટે ઊતર્યા હતા. આ સમયે જ ભેખડ ધસી પડતાં બે મહિલા અધિકારી દટાયાં હતાં. જેની જાણ સ્થાનિકોને થતાં ફાયરબ્રિગેડને કરવામાં આવી હતી. ધોળકા અને અમદાવાદ ફાયરબ્રિગેડનાં ચાર વાહનો અને ૧૫ જવાનો ઘટનાસ્થળે પહોંચ્યાં હતાં અને રેસ્ક્યૂ કામગીરી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ જે બે મહિલા અધિકારીઓ માટીના સેમ્પલ લેવા માટે ખાડામાં ઊતર્યાં હતાં તેમાં એક ઈઈઝના અને અન્ય દિલ્હીના જીઓલોજિસ્ટ હોવાનું સામે આવ્યું છે. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા એક મહિલા અધિકારીને બગોદરાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે. આ અંગે બગોદરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.મળતી માહિતી મુજબ ત્રણ લોકો ગાંધીનગરના અને બે દિલ્હી ઈઈઝના અધિકારીઓ આજે લોથલ પહોંચ્યા હતા. જ્યાં જૂના લોથલ પાસે ખાડા ખોદી માટીનાં સેમ્પલ કલેક્ટ કરી રહ્યા હતા. ત્યારે જ ખાડામાં કાદવના કારણે બંને મહિલા અધિકારી ખૂંપવા લાગ્યા હતા અને માથેથી ભેખડ ધસી પડતાં બંને દટાયા હતા.

## વલસાડમાં વિદ્યાર્થિની સાથે રેપ વિથ મર્ડરની ઘટનાથી ચકચાર

### સિરિયલ કિલરે યુવતીની હત્યા કરી દોઢ કલાક લાશ સાથે દુષ્કર્મ આચર્યું

**મુખ્ય સમાચાર, વલસાડ**

વલસાડના પારડી તાલુકાના મોતીવાળા વિસ્તારમાં રહેતી બી-કોમના બીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીનું ૧૪ નવેમ્બરના રોજ અપહરણ કરી નજીકમાં આવેલી આંબાવાડીમાં લઈ જઈ દુષ્કર્મ આચરી તેની હત્યા કરી નાખી હતી. આ ગુનામાં વલસાડ પોલીસે મહામહેનતે આરોપીને ૧૧મા દિવસે ઝડપી લીધો હતો, જે હાલ રિમાન્ડ પર છે. પોલીસને ગતરોજ આરોપીને સાથે રાખીને ઘટનાનું રી-કન્સ્ટ્રક્શન કરતાં ૪ કલાક લાગ્યા હતા. જેમાં સિરિયલ કિલરે કોલેજિયન યુવતીને કેવી રીતે શિકાર બનાવીએ જણાવ્યું હતું.

મોડી રાત સુધી ચાલેલા રી-કન્સ્ટ્રક્શન આરોપી રાહુલ જાટે પોલીસને કહ્યું હતું કે યુવતીને પકડીને ગળું દબાવીને હત્યા કર્યા બાદ યુવતીને ઢસડીને વાડ નજીક લઇ જઇ ઉંચકી ચાર ફૂટ ઊંચાઈના તાર ખૂંટાની વાડ કુદાવી વાડીમાં ફેંકી દીધી હતી. જ્યાં યુવતીની લાશ સાથે દોઢ કલાક દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં ઉદવાડા સ્ટેશન તરફ ગયો હતો. જ્યાંથી તે દૂધ અને પાણીની બોટલ ખરીદી વાડીમાં યુવતીની લાશ પાસે પરત આવતો હતો ત્યારે અહીં લોકોની હલચલ હોવાથી તે વાડીમાં છુપાઇ ગયો હતો. બાદમાં મોકો મળતાં અંદાજે ૧૦ ફૂટ ઉંચી દીવાલ કુદી ભાગી છૂટ્યો હતો. જોકે, આ હળભળાહટમાં આરોપી તેનો સામાન છોડીને ગયો હતો.

ડીવાયએસપી સહિત પોલીસ કાફલા જોડે આરોપી રાહુલને ઘટના સ્થળે લઈ જઈ પોલીસે રી-કન્સ્ટ્રક્શન હાથ ધર્યું હતું. આ રી-કન્સ્ટ્રકશન ઉદવાડા રેલવે સ્ટેશનથી શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં ઉદવાડા રેલવે સ્ટેશન પાસે ખનકીની પાળી પર બેસીને બીડી પિતો હતો, આ દરમિયાન રેલવે કિમિ નં. ૨૧૭ના પોલ નં ૧૩ પાસેથી લગભગ ત્રણ વાગ્યાના સુમારે વિદ્યાર્થિનીને એકલી ચાલતા જોઈ હતી. જેના ઉપર આરોપીની નજર બગડી હતી. જેને લઈને રેલવે ટ્રેક પાસે ખુલ્લી જગ્યામાં બેસેલા આરોપીએ રસ્તામાં આવેલું પાણીનું ખાબોચિયું પથ્થરના સહારે ક્રોસ કર્યું હતું. ત્યાર બાદ આંબાવાડી પાસે યુવતી આવતા અચાનક યુવતી પાસે પહોંચી યુવતીનું ગળું દબાવી હત્યા કરી હતી. જે બાદ યુવતી લાશને ઢસડીને વાડ નજીક લઇ જઇ ઉંચકી ચાર ફૂટ ઊંચાઈના તાર ખૂંટાની વાડ કુદાવી વાડીમાં ફેંકી દીધી હતી. જ્યાં તેની સાથે દોઢ કલાક દુષ્કર્મ આચર્યું હતું.

યુવતીની લાશ સાથે દોઢ કલાક દુષ્કર્મ આચરવા દરમિયાન આરોપીએ પોતાના નખ પણ કાપ્યા હતા અને પોતાના કાપેલા નખ વડે યુવતીના મોબાઇલમાંથી સિમ કાર્ડ કાઢ્યું હતું. આ બાદ તે ઉદવાડા સ્ટેશન તરફ ગયો હતો. જ્યાંથી તે દૂધ પાણીની બોટલ ખરીદી વાડીમાં પડેલી યુવતીની લાશ પાસે પરત આવતો હતો આ દરમિયાન સ્થાનિક લોકોની આંબાવાડીની આજુબાજુમાં ગતિવિધિ જોઈને નજીકમાં સંતાઈ ગયો હતો. બાદમાં મોકો જોઇને એક એંગલના સહારે અંદાજિત ૧૦ ફૂટની ઊંચી દીવાલ આરોપી કૂદી ગયો હતો. જોકે, ઉતાવળમાં તેનો સામાન અહીં રહી ગયો હતો. આ બાદ આરોપી ઉદવાડા રેલવે સ્ટેશન અને હાઇવે વિસ્તારમાં રાત્રે દોઢ વાગ્યા સુધી ફરતો રહ્યો હતો.



ઉદવાડા રેલવે સ્ટેશન ખાતેથી રાત્રે કોઈ ટ્રેન ન હોવાથી પારડી રેલવે સ્ટેશન આવ્યો હતો. રાત્રે ૨:૩૦ વાગ્યાની ટ્રેન પકડીમાં વલસાડ આવ્યો હતો. ત્યાથી અન્ય ટ્રેન વડે સુરત અને વડોદરા જતો રહ્યો હોવાની કબૂલાત રી-કન્સ્ટ્રકશન દરમિયાન આરોપીએ જણાવી હતી. સમગ્ર ઘટના ક્રમનું રી-કન્સ્ટ્રકશન કરતા વલસાડ પોલીસની ટીમને ૪ કલાકથી વધુ સમય લાગ્યો હતો. વાપીના DySP બી એન દવેના નેતૃત્વમાં સક્ષમ અધિકારીઓ અને સરકારી પંચની હાજરીમાં આરોપીઓ સમગ્ર ક્રમ વર્ણવ્યો હતો. વલસાડ પોલીસે તમામ ઘટના ક્રમની ઝીણવટ ભરી નોંધ લઈને આગળની તપાસ હાથ ધરી છે.

## સંભલમાં હિંસા કરનારાનું આવી બનશે! ચાર રસ્તે લગાવાશે પોસ્ટર, નુકસાનની પણ વસૂલાત થશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઉત્તર પ્રદેશના સંભલમાં જામા મસ્જિદના સરવે મામલે થયેલી અથડામણમાં ચાર લોકોના મોત નીપજ્યા હતાં. અનેક પોલીસ કર્મીઓ ઘાયલ થયા હતાં. તોડફોડ અને આગચંપીની ઘટના બની હતી. જો કે, પરિસ્થિતિ હવે સામાન્ય થતી જોવા મળી છે. પોલીસ પથ્થરમારો કરનારા અસામાજિક તત્ત્વોની ધરપકડ કરી રહી છે. યોગી સરકારે પણ આકરૂ વલણ અપનાવવા આદેશ આપ્યો છે.

સંભલના પથ્થરબાજોના પોસ્ટર દરેક ચાર રસ્તા પર લગાવવા ઉપરાંત થયેલા નુકસાનનું વળતર પણ તેમની પાસેથી વસૂલવા આદેશ આપ્યો છે. જે અસામાજિક તત્ત્વોની ધરપકડ થઈ નથી, તેમની ઓળખ આપવા બદ્દલ ઈનામ જાહેર થઈ શકે છે. સંભલના ગુનેગારોને આકરી સજા આપી આ પ્રકારનો તણાવ અને તંગદિલીનો માહોલ ઉભો કરનારાઓ માટે એક ઉદાહરણ પુરૂ પાડવામાં આવશે.

સંભલની શાહી જામા મસ્જિદના સરવે દરમિયાન સર્જાયેલી હિંસામાં મેજિસ્ટ્રેટે તપાસના આદેશ આપ્યા છે. પોલીસે પણ પથ્થરમારો કરનારા ૧૦૦ લોકોની ઓળખ કરી છે, અને અત્યાર સુધી ૨૭ લોકોની ધરપકડ કરી છે. જેમાં બે મહિલાઓ પણ સામેલ છે.



આ અથડામણ મામલે કુલ ૧૨ એફઆઈઆર નોંધાઈ છે. ૧૪ વર્ષથી માંડી ૭૨ વર્ષના આરોપીઓની ધરપકડ થઈ છે. ગંભીર કલમો લગાવી પોલીસે આકરી કાર્યવાહી હાથ ધરી છે. એફઆઈઆરમાં પોલીસે સાંસદ જિયાઉર્રહમાન બર્ક અને સ્થાનીય ધારાસભ્યના પુત્ર સુહેલ ઈકબાલ પર લોકોને ભડકાવવાનો આરોપ મૂક્યો છે.

## ૧ ડિસેમ્બરથી ધુમ્મસ પ્રભાવિત વિસ્તારોમાં સ્પેશિયલ ટ્રેનો નહીં દોડે

### રેલવેના ૧૮ ઝોનમાંથી ચાર ઝોન ધુમ્મસથી વધુ અસર પામનારા

**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

ધુમ્મસને લઇને રેલવેએ એક યોજના કરી છે જેમાં નક્કી કરાયું છે કે પહેલી ડિસેમ્બરથી એ વિસ્તારોમાં સ્પેશિયલ ટ્રેનો નહીં ચાલે જ્યાં ધુમ્મસનો પ્રકોપ વધારે રહે છે.

રેલવેના ૧૮ ઝોનમાંથી ચાર ઝોન ધુમ્મસથી વધુ અસર પામે છે, તેમાં દિલ્હી, લખનૌ અને મુરાદાબાદને કવર કરનાર નોર્ધન ઝોન સામેલ છે. આ ઉપરાંત ધુમ્મસના કારણે ડેઇલી ચાલતી કેટલીક ટ્રેનોને રદ્દ કરવામાં આવી રહી છે. સુરક્ષાના દ્રષ્ટિએ સ્પીડ ઘટાડવામાં આવી છે.



રેલવેમાં પારંપરિક એબ્સોલ્યુટ સિસ્ટમની ધીરે ધીરે ઓટોમેટિક સિગ્નલીંગ સિસ્ટમ લગાવવામાં આવી રહી છે. નિષ્ણાંતોનું કહેવું છે કે, ધુમ્મસ દરમિયાન સુરક્ષાની દ્રષ્ટિએ સારું રહેશે કે રેલવે ઓટોમેટિકની જગ્યાએ એબ્સોલ્યુટી સિગ્નલ સિસ્ટમથી ટ્રેન ચલાવે. ધુમ્મસમાં લોકો પાયલોટ (ટ્રેન ચાલક) સરળતાથી સિગ્નલ નથી જોઇ શકતા તો આવી નાજુક સ્થિતિમાં સિગ્નલની જુની સિસ્ટમ જ બરાબર છે.

## મહારાષ્ટ્રમાં સરકાર બને એ પહેલાં મહાયુતિ સામે પડકાર, મરાઠા આંદોલનકારીની મોટી જાહેરાત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મહારાષ્ટ્રમાં હાલ સરકારની રચના મુદ્દે રસાકસીનો માહોલ જોવા મળ્યો છે. ભાજપ અને એકનાથ શિંદેની શિવસેના વચ્ચે મુખ્યમંત્રીના પદ વચ્ચે ચાલી રહેલા વિવાદના કારણે સરકારનું ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યુ નથી. બીજી તરફ મરાઠા અનામત મામલે આંદોલન કરવાની તૈયારી બતાવી રહ્યું છે. જેથી નવી સરકાર સત્તામાં આવ્યા બાદ આ પડકારનો સામનો કરવો પડી શકે છે.





ચૂંટણીમાં મરાઠા અનામત આંદોલનની કોઈ ખાસ અસર જોવા મળી ન હતી. પરંતુ સત્તાધારી પક્ષની પ્રચંડ જીત બાદ ફરીથી આંદોલન છેડાઈ શકે તેવા અહેવાલો મળ્યા છે. મરાઠા અનામતની માગ કરતાં મનોજ જારાંગે પાટિલે નવેસરથી આંદોલન કરવાનો નિર્ણય લીધો છે. તેમણે નિવેદન આપ્યું હતું કે, તે હવે સામૂહિક ધોરણે ભૂખ હડતાળ કરશે.

જાલના પોતાના ગામ અંતરવાલીમાં મનોજ જારાંગે પાટિલે જાહેરાત કરી છે કે, બીડ જિલ્લામાં આ ભૂખ હડતાળનું આયોજન થશે. મનોજ પાટિલે સમર્થકોને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે, હવે ચૂંટણી પૂર્ણ થઈ છે. આપણે વિચારવું જોઈએ કે, આપણા સમાજ અને બાળકોનું ભવિષ્ય શું છે? આથી આપણે હવે ફરી અનામતની માગ કરવી જોઈએ. તમામ મરાઠાઓએ પોતાના બાળકોના ભવિષ્ય માટે વિચારવુ જોઈએ. તમામે એકજૂટ થઈ આમરણ ઉપવાસની તૈયારી કરો. નવી સરકારની રચના બાદ સામૂહિક ભૂખ હડતાળની જાહેરાત કરીશ અને તેની તારીખ પણ જણાવીશ.

ચૂંટણી પરિણામો અંગે મનોડ જરાંગે પાટિલે કહ્યું કે, મેં પહેલાં પણ કહ્યું હતુ કે, તમે જેને મત આપવા માગતા હોવ તેને આપો. પરંતુ મારો સમાજ મારી સાથે છે. મેં મારી ભૂમિકામાં કોઈ ફેરફાર કર્યો નથી. આપણે ધ્યાન રાખવુ પડશે કે, મરાઠાઓને ખોટા વચનો આપવામાં ન આવે. સત્તામાં ભલે તેઓ પરત ફર્યા છે, પરંતુ અમે ફરી ભૂખ હડતાળ કરીશું. સરકાર પાસે જેટલી તાકાત છે, તે તેનો ઉપયોગ કરી મરાઠા સમાજ માટે કામ કરે.

# રૂપિયા ગણવામાં મદદ કરવાના બહાને બે મહિલા વૃદ્ધાના ૩.૫૦ લાખના સોનાના દાગીના લઈ ભાગી

## વડોદરા રહેતા વૃદ્ધા પરિવાર સાથે રાજકોટ લગ્નપ્રસંગમાં આવ્યા હતાઃ બેગ ખોલતા એક ૫૦૦ની નોટ નીચે કાગળની થપી નીકળી, દાગીના ગાયબ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પોલીસની પકડ ઢીલી પડતા ચોર,ગઠિયાઓ બેકાબૂ બન્યા હોય તેમ ધર્મેન્દ્ર રોડ પર ખરીદી કરવા જતા વૃદ્ધાને રઘુવીરપરામાં આંતરી પૈસા ગણવામાં મદદ કરવાનું કહી બે મહિલાઓ તેના સોનાના ચેઇન, ચાર બંગડીઓ ઉતારી નાસી ગયાની ફરિયાદ કરતાં એ-ડિવિઝન પોલીસે તપાસ કરતા વડોદરાથી પરિવાર સાથે રાજકોટ આવેલા વૃદ્ધાને બેગમાં ૫૦ હજાર રૂપિયા છે અને તમારા દાગીના ઉતારી રૂમાલમાં બાંધી બેગમાં રાખી દઇને રૂપિયા ગણો અમે આવી છીએ કહી બન્ને મહિલાઓ નાસી ગયા બાદ બેગમાંથી કાગળો નીકળ્યા અન્ય બેગમાં ૩.૫૦ લાખના દાગીના ગાયબ હોવાનું બહાર આવતાં પોલીસે ગુનો નોંધી જાણ કરતા બન્ને મહિલાને વડોદરા પોલીસે પકડી લીધાનું બહાર આવતા કબજો લેવા કાર્યવાહી કરી છે.

વડોદરા રહેતા પલ્લવીબેન કિરણભાઇ વડોદરિયા (ઉ.૬૫) તા.૨૨ ના રાજકોટ રહેતા વેપારી રહીમભાઇના પુત્રના લગ્નપ્રસંગમાં પરિવાર સાથે આવ્યા હતા અને રાજકોટ નણંદના ઘેર રોકાયા હતા. બાદમાં તા.૨૫ના રોજ મારા પતિ સાથે ખરીદી કરવા ધર્મેન્દ્ર રોડ પર જતા હતા અને મારા પતિને કોઇ કામ હોય મને ઉતારી ચાલ્યા ગયા હતા. બાદમાં રઘુવીરપરામાંથી ચાલીને જતા હતા ત્યારે તેને એક બહેન મળેલા અને મને કહ્યું કે, આપણી સામે જે બહેન ઊભેલા છે તેમની પાસે બહુ પૈસા છે અને તેને રૂપિયા ગણતા આવડતા નથી અને તેને જયપુર જવાનું હોય આપણે તેને પૈસા ગણી આપી બાદમાં હું તેને જયપુરની બસમાં બેસાડી આવીશ જેથી તમે પૈસા ગણવામાં મદદ કરો. ત્યાર બાદ બન્ને બહેનોએ અંદરો-અંદર વાતચીત કરી હતી ત્યાર બાદ મને કંઇક કરી નાખતા હું કઇ બોલી શકતી ન હતી. બન્ને બહેનોએ કહેતા અમે પહેરાલા સોનાનો ચેઇન પેન્ડલ વાળો અને ચાર બંગડી રૂમાલમાં બાંધી આપી દીધી હતી. જેથી મહિલાઓએ તેને એક બેગ આપી હતી અને આ બેગમાં રૂ.૫૦ હજાર છે. ગણી આપો તેમ કહી મને એક બેગ આપેલ અને એક પ્લાસ્ટિકની બેગ આપી હતી જેમાં એક પોટલી વાળેલ રૂમાલ મૂકેલ અને મને કહેલ કે આ રૂમાલમાં તમારા દાગીના છે. અને હું રૂપિયા ગણવા માટે બાજુની શેરીમાં બેસેલ અને આ મહિલાઓએ આપેલ બેગ જોતા બેગમાં રૂપિયા નહીં અને બેગમાં એક કપડાંમાં બાંધેલ પાઉચ મળેલ અને આ પાઉચમાં ઉપર એક ૫૦૦ની નોટ હતી અને નીચે કાગળની થપી હતી અને મારી પાસે પ્લાસ્ટિકની બેગમાં જોતા બેગમાં રાખેલા મારા દાગીનાને બદલે ખોટી બંગડીઓ જોવામાં આવતા શેરીમાંથી બહાર નીકળતા બન્ને મહિલા નાસી ગયાનું જણાવતા પોલીસે તપાસ કરતા બન્ને મહિલાને વડોદરા પોલીસે ઝડપી લીધી હોય કબજો મેળવવા કાર્યવાહી કરી છે.

# હળવદની હોટેલમાં ચાલતી ઘોડીપાસાની ક્લબ પર પોલીસનો દરોડો, ૨ લાખની રોકડ જપ્ત કરી તપાસ હાથ ધરી

## ઘોડીપાસાનો જુગાર રમતા હળવદ તાલુકા ભાજપના મહામંત્રી – ભાજપ સંગઠન મંત્રી સહિત ૧૮ ઝડપાયા

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ શહેરમાં આવેલી લેક વ્યુ હોટેલ માં રૂમ રાખી જુગારની મહેફીલ જામી હોવાની બાતમી સ્થાનિક પોલીસને મળતા હળવદ પોલીસની ટીમ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો અને હોટેલમાં જુગાર રમતા હળવદ તાલુકા ભાજપના મહામંત્રી, ગુજરાત પ્રદેશ ભાજપ કિશાન મોરચાનાં સદસ્ય સહિતના ૧૮ શખ્સને ઘોડી પાસાનો જુગાર રમતા ઝડપી લીધા હતા જયારે તાલુકા પંચાયત સદસ્ય સહીત બે શખ્સના પણ નામ ખુલતા તેમને વોન્ટેડ જાહેર કર્યા હતા પોલીસે તમામ વિરૂદ્ધ જુગાર ધારા હેઠળ ગુન્હો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી

હળવદ પોલીસે શહેરમાં આવેલી લેક વ્યુ હોટેલમાં બાતમીના આધારે પોલીસે



દરોડો પાડતા ત્યાંથી ઘોડીપાસાનો જુગાર રમતા હળવદ ભાજપ તાલુકા સંગઠન મંત્રી ભરતભાઇ હરખાભાઇ વઢરેકીયા, અલાઉદીન મહમદભાઇ ચૌહાણ, મહેબુબભાઇ નથુભાઇ સિપાઇ, જાકીર દાઉદભાઇ ચૌહાણ, મોસીનભાઇ હબીબભાઇ ચૌહણ, ઇરફાનભાઇ યુનુસભાઇ રાઠોડ, ગુજરાત પ્રદેશ કિશાન મોરચાનાં સદસ્ય વલ્લભભાઇ સુંદરજીભાઇ પટેલ, રશીદ જુમાભાઇ ચૌહાણ, ફૈયાઝ યાકુબભાઇ ભટ્ટી, શબીરભાઈ જુસકભાઇ ચૌહાણ, તોહીદ અજીતભાઇ ચૌહાણ, રજાક અકબરભાઇ ભટ્ટી, જાવીદ અબ્દુલભાઈ ચૌહાણ, ઇમરાન હનિફભાઇ ભટ્ટી, શિરાઝ સલેમાન કૈડા, અસલમભાઇ સલીમભાઇ ચાનીયા અને સલીમભાઇ જુમાભાઇ ચૌહાણ નામના ૧૮ આરોપીઓને પોલીસે ઝડપી લીધા હતા. જયારે પોલીસની રેડ દરમિયાન પુર્વ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ અને શિવપુર બેઠકનાં સદસ્ય નિલેશ ગામી અને નામચીન બૂટલેગર પંકજ ગોઠી ફરાર થઇ ગયા હતા. તે સ્થળેથી કુલ ૨,૦૨,૧૦૦નો મળેલ મુદામાલ પોલીસે કબ્જે કરી તે તમામ શખ્સો વિરુદ્ધ જુગારધારા એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચાર દિવસમાં ૧૭૪૨ કનેકશનમાંથી વીજચોરી પકડાઈ, ૫.૭૪ કરોડનો દંડ

## વીજચોરોને ઝડપી પાડવા ઝુંબેશઃ શહેરમાં ૪૨૬ વીજગ્રાહકોને ૧.૬૩ કરોડનો દંડ ફટકાર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પીજીવીસીએલ હેઠળના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં તા.૧૮થી ૨૨ નવેમ્બર દરમિયાન વીજચેકિંગ કરાયું હતું. જેમાં કુલ ૧૭૪૨ વીજજોડાણો વિરુદ્ધ કાર્યવાહી કરી રૂ.૫.૭૪ કરોડના વીજચોરીના બિલ ફટકાર્યા છે. ગેરરીતિમાં ડાયરેક્ટ લંગર વાયરથી મીટર બાયપાસ, ટેરિફ ચેન્જ, લોડ વધારો કર્યો હોવાના કેસ કર્યા છે. રાજકોટ શહેર વર્તુળ કચેરી હેઠળના વિસ્તારમાં ૪૨૬ વીજજોડાણો વિરુદ્ધ કાર્યવાહી કરી રૂ.૧.૬૩ કરોડના, ભુજ વર્તુળ કચેરી હેઠળના વિસ્તારમાં ૨૩૩ વીજજોડાણો વિરુદ્ધ કાર્યવાહી કરી રૂ.૦.૮૪ કરોડના અને બોટાદ વર્તુળ કચેરી હેઠળના વિસ્તારમાં ૩૧૦ વીજજોડાણો વિરુદ્ધ કાર્યવાહી કરી રૂ. ૦.૮૯ કરોડના વીજચોરીના બિલ ફટકાર્યા છે.

વધુમાં, રાજકોટ ગ્રામ્ય વર્તુળ કચેરી હેઠળના ખખાણા ગામમાં રાઘવભાઈ ભીખાભાઈ થોરિયા વાણિજ્ય હેતુના ઈમિટેશન ઈલેક્ટ્રિક ભઠ્ઠીમાં ડાયરેક્ટ ટ્રાન્સફોર્મરમાં કેબલ જોડી મીટર બાયપાસ કરી વીજ વપરાશ કરતા હોવાનું માલૂમ પડતા રૂ. ૩૫ લાખના અને દડવા હમીરપુર ગામમાં નવઘણ પુંજાભાઈ ઓડેદરા વાણિજ્ય હેતુના હોટેલ માટે ડાયરેક્ટ વીજવપરાશ કરતા માલૂમ પડતા રૂ.૬ લાખના વીજચોરીના બિલ ફટકારવામાં આવ્યા છે. મોરબીના રાણેકપર ગામમાં ગોવિંદભાઈ મૈયાભાઈને રૂ. ૬.૫ લાખના વીજચોરીના બિલ આપ્યા છે. વીજચોરોને ઝડપી પાડવા ઝુંબેશ શહેરમાં ૪૨૬ વીજગ્રાહકોને ૧.૬૩ કરોડનો દંડ ફટકાર્યો.

# ક્રિકેટર ચેતેશ્વર પુજારાના સાળા જીત પાબારી વિરૃદ્ધ માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નામાંકિત ક્રિકેટર ચેતેશ્વર પુજારાના સાળા જીત પાબારી વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવવામાં આવી છે. માલવિયા નગર પોલીસ સ્ટેશનમાં જીત પાબારીની પૂર્વ મંગેતર દ્વારા દુષ્કર્મની ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદના આધારે આઇપીસી ૩૭૬ (૨)(ગ), ૫૦૬ સહિતની કલમ હેઠળ પોલીસ દ્વારા ફરિયાદ નોંધવામાં આવી છે. ૨૯ વર્ષીય યુવતીને લગ્નની લાલચ આપી જીત પાબારી દ્વારા બળજબરી પૂર્વક શારીરિક સંબંધ બાંધવામાં આવ્યા હોવાની ફરિયાદ કરવામાં આવી છે.

ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪માં ફેસબુકમાં જીત પાબારીની ફ્રેન્ડ રીકવેસ્ટ આવેલ અને અમો સાથે વાતચીત ચાલુ કરેલ ત્યારથી અમો બંને સંપર્કમાં આવ્યા છીએ. ત્યારબાદ અમે બંને મિત્ર બનેલ અને તે સમયે અમો બંને ભણતા હતા અને વિદ્યાર્થી હતા, ત્યારબાદ આરોપી જીત પાબારીએ મને જણાવેલ કે મને તું પસંદ છો અને મારે તારી સાથે લગ્ન કરવા છે. જેથી મેં તેઓને



## લગ્નની લાલચ આપી અવાર-નવાર શારીરિક શોષણ કર્યા બાદ બીજી યુવતી સાથે લગ્ન કરી લીધાનો યુવતીનો આરોપ

જણાવેલ કે મારા મમ્મી, પપ્પા અને કુટુંબીજનો સાથે વાત કરી લ્યો જેથી જીતના માતાપિતા મારા માતા પિતાને મળેલ અને અમોના લગ્ન અંગેની વાતચીત કરેલ અને બંને પરિવારજનો લગ્ન બાબતે સહમત થયા હતા.

સૌપ્રથમ ૮ ઓકટોમ્બર ૨૦૨૧ ના રોજ જીતના પરિવારજનો તથા તેના કુટુંબના સભ્યો ઘરે નકકી થયા મુજબ ગોળધાણાની વિધી કરવા આવેલ અને સમાજના રીત રિવાજો મુજબ તે તમામ વિધીઓ કરવામાં આવેલ હતી ત્યારબાદ ૨૭-૦૧-૨૦૨૨ના રોજ સમાજના રીત રિવાજ મુજબ આરોપી જીત સાથે સગાઈ કરવામાં આવેલ હતી. સગાઈ થયા બાદ આરોપી જીતએ મને જણાવેલ કે હવે આપણે બંને લગ્ન કરવાના છીએ જેથી આપણે બહાર ફરવા જઈએ જેથી હું તેઓના પરિવાર સાથે તેઓના કૌટુંબીક ફંકશન માટે તેઓ સાથે દુબઈ ગયેલ હતી અને ત્યારબાદ દુબઈથી આવ્યા બાદ જીતએ જણાવેલ કે આપણે બંને લગ્ન કરવાના છીએ બહાર ફરવા જઈએ જેથી અવાર નવાર અમો બંને બહાર ફરવા જતા હતા.

મારી સાથે જીતએ સૌપ્રથમવાર સીઝન્સ હોટલમાં અમારી સગાઈ વખતે બળજબરી કરવાની કોશીશ કરેલ પરંતુ ત્યારે મહેમાનો અને ઘણા બધા લોકો હોય અને મેં પ્રતિકાર કરતા તેઓએ કાંઈ કરેલ નહી. ત્યારબાદ દીવાળીના સમયમાં જીતના ઘરે ગયેલ હોય ત્યારે તેના રૂમમાં બોલાવી અને અમો સાથે બળજબરીથી શારીરીક સંબંધ બાંધી બળાત્કાર કરેલ જેથી મેં બળાત્કાર બાબતે બીજા દીવસે તેઓને જણાવેલ કે મારી ના હોવા છતા તમે મારી સાથે બળાત્કાર કરેલ અને પરાણે બળજબરીથી શરીર સંબંધ બાંધેલ જેથી તેને મને જણાવેલ કે હું તારી સાથે લગ્ન તો કરવાનો જ છું જેથી આવું બધુ ચાલ્યા રાખે અને તેમ કહી તેઓએ મને તેઓના મોબાઈલ ફોનમાં અમો સાથે કરેલ બળાત્કારનો વીડીયો અને ફોટોગ્રાફસ બતાવેલ હતો અને અમને કહેલ કે હવે તું આ વાત કોઈને કહેતી નહી નહીતર આ વિડીયો અને ફોટોગ્રાફસ વાઈરલ કરી દઈશ તેમ છતા અમારા વીડીયો તથા ફોટોગ્રાફસ રહેલ હોય જેથી તેઓની ધમકીથી ડરી જઈ આ વાત મે કોઈને કહેલ નહી.

ત્યારબાદ મારા ઘરના સભ્યો બહારગામ ગયેલ હોય ત્યારે મારા ઘરે જીત આવેલ અને ઘરે કોઈ ન હોય જેથી મારી સાથે બળાત્કાર કરવાની કોશીશ કરેલ પરંતુ મેં તેઓને ના પાડતા મારી સાથે પરાણે બળજબરીથી શારીરીક સંબંધો બાંધી મારી સાથે બળાત્કાર કરેલ હતો અને અમોને કહેલ કે જો તું કોઈને કાંઈ કહીશ તો તારા ફોટા અને વિડીયો મારી પાસે છે. તે હું વાઈરલ કરી દઈશ તેમ કહી અમોને ડરાવેલ અને ધમકાવેલ હતા. આ બનાવ બાબતે મેં જીતના માતા પિતાને પણ કહેલ કે જીત મારી સાથે પરાણે બળજબરીથી શરીર સંબંધ બાંધી બળજબરી કરેલ છે. જે સમય તેઓએ કહેલ કે હવે આ વાત કોઈને કરતી નહિં અને તેના તારી સાથે લગ્ન થવાના જ છે એટલા માટે મારા પુત્રની સગાઈ તારી સાથે કરાવેલ છે. જો તું આ વાત સમાજમાં કોઈને કરીશ તો અમારો પુત્ર જીત તારી સાથે લગ્ન નહિં કરે અને સગાઈ પણ તોડાવી નાખીશું.

સગાઈ બાદ તેમજ અગાઉ સાથે ફરવા જતા હતા ત્યારે અનેક ફોટોગ્રાફસ જીતએ બળજબરીથી પાડી લીધેલ છે તેમજ તમામ ફોટોગ્રાફસ તેઓ પાસે રહેલ છે તેમજ જીતને બળાત્કાર કરવા અંગે જે કાંઈ જણાવેલ તેની વ્હોટસઅપ ચેટ પણ મોબાઈલ ફોન લઈ ડીલીટ કરાવી નાંખેલ હતી. મારી જાણ બહાર મારા બીભત્સ ફોટાઓ તથા વીડીયો ઉતારી લીધેલ છે તે પણ હાલ તેઓ પાસે છે અને તેઓએ મને જણાવેલ હતું કે આ બધુ મેં અલગ અલગ ૪ પેનડ્રાઈવમાં કોપી કરીને રાખી દીધેલ છે.

મારી સાથે બળાત્કાર કરવા માટે પુર્વયોજીત કાવતરું રચી સગાઈનું બહાનું કરી મારી સાથે સગાઈ કરી ત્યારબાદ બળાત્કાર કરી અને મારા બીભત્સ ફોટા અને વીડીયો ઉતારી લીધેલ અને આ ફોટા સમાજમાં વાઈરલ કરી બદનામ કરવાની ધમકીઓ આપેલ હોય તેમજ કહેલ કે તારે જયાં ફરિયાદ કરવી હોય ત્યાં કરજે પોલીસ પણ મારું કાંઈ બગાડી નહિં લ્યે મારે ખુબજ ઉંચી લાગવગ છે અને હવે મારે તારી સાથે લગ્ન પણ કરવા નથી તેમ કહી સગાઈ તોડી નાખેલ છે. હાલ બનાવ અંગે ફરિયાદ પરથી માલવિયાનગર પોલીસે આરોપી જીત વિરુધ્ધ આઇપીસી ૩૭૬ (૨)(ગ), ૫૦૬ સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સરધારા પર હુમલાના ગુનામાં PI પાદરિયાને પકડવા પોલીસના રાજકોટ-જૂનાગઢમાં દરોડા

## સરદારધામના ઉપપ્રમુખ પર જીવલેણ હુમલાનો બનાવઃ પોલીસે સીસીટીવી કબજે કર્યા, એફએસએલમાં મોકલાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સરદારધામના ઉપપ્રમુખ પર જીવલેણ હુમલાના બનાવમાં પીઆઈ પાદરિયા સામે હત્યાની કોશિષનો ગુનો નોંધાતા પોલીસે રાજકોટ અને જૂનાગઢમાં પીઆઈને શોધવા માટે દરોડા પડ્યા હતા. પોલીસે સીસીટીવી ફૂટેજ કબજે કરી તપાસ કર્યા બાદ એફએસએલમાં મોકલી વધુ કાર્યવાહી કરી છે.

જયંતી સરધારાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તા.૨૫ના રોજ તેના મિત્ર રમેશભાઇના પુત્રના લગ્નમાં હાજરી આપવા મવડી-કણકોટ રોડ પર શ્યામ પાર્ટી પ્લોટમાં ગયા હતા ત્યારે અન્ય મિત્રો સાથે વાતચીત કરતા હતા ત્યારે એક શખ્સ આવેલ અને મને કહ્યું કે, હું સંજયભાઇ પાદરિયા પીઆઇ છું અને જૂનાગઢ એસઆરપી રિજિયનમાં છું અને તું સમાજનો ગદ્દાર છો, આવું કહી મને મારવાની કોશિશ કરવા જતા અન્ય લોકોએ વચ્ચે પડી અને ઝઘડો અટકાવ્યો હતો.

ત્યાર બાદ સંજય પાદરિયાએ કહ્યું કે, હું નરેશભાઇ પટેલની સક્રિય ટીમમાં છું અને તું સરદારધામમાં ઉપપ્રમુખ



બનીને ગદ્દારી કરે છે. જેથી હવે તને અહીંથી જીવતો જવા દેવો નથી. બાદ આ સંજય પાદરિયા ત્યાંથી જતા રહ્યો તેમજ જયંતીભાઇ પણ ફંક્શન પૂર્ણ કરી કાર લઇને ઘેર જવા નીકળતા હતા ત્યારે કાર આંતરી પાદરિયાએ કાર બહાર આવવા માટે કહેતા તે બહાર નીકળતા જ સંજયએ તેની પાસે પિસ્તોલ જેવા હથિયાર વડે હુમલો કરી માથામાં માર માર્યો હતો.

# સરવૈયા ચોકમાં ૪ ગેરકાયદે બાંધકામો તોડી પાડતું તંત્ર

## રેલનગરમાં મામલતદારનું દબાણ હટાવ ઓપરેશનઃ ખેતલા આપા ટી સ્ટોલ સહિતના દબાણો હટાવાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પૂર્વમાં આવેલા રેલનગર વિસ્તારમાં સરવૈયા ચોકમાં રેવન્યુ સરવે નંબર ૬૦૯ પૈકી ટી.પી.સ્કીમ નંબર ૨૩ ના એફ.પી.નંબર ૩૪/૨ પર આવેલ ૧૫૦૦ ચોરસ મીટર સરકારી જમીન ઉપર ગેરકાયદે રીતે કોમર્સિયલ બાંધકામો ખડકી દેવાયાની હકીકત ધ્યાનમાં આવતા પૂર્વ મામલતદારે ઓપરેશન ડિમોલિશન હાથ ધરીને બિનઅધિકૃત બાંધકામો પર બુલડોઝર ફેરવી દીધા હતા. આ સરકારી જમીનની અંદાજે બજાર કિંમત રૂ.૭.૫૦ કરોડ થતી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

રાજકોટ પૂર્વ મામલતદાર એસ.જે.ચાવડાએ જણાવ્યું હતું કે, રેલનગર વિસ્તારમાં સરવૈયા ચોકમાં રેવન્યુ સરવે નં.૬૦૯ની સરકારી જમીનમાં ખેતલા આપા ટી સ્ટોલ, ખેતલા આપા પાન સેન્ટર તથા બાલાજી સિઝન સ્ટોરના નામે ગેરકાયદે બાંધકામો ખડકી દેવાયાની હકીકત ધ્યાનમાં



આવી હતી. આથી તલાટી મંત્રી ધારાબેન વ્યાસ અને સર્કલ ઓફિસર સત્યમ શેરસિયા દ્વારા ગત તા.૧૬મીએ ગેરકાયદે બાંધકામો દૂર કરવા નોટિસ આપવામાં આવી હતી. આમ છતાં દબાણકારોએ બાંધકામ દૂર ન કરતા ૨૬મીએ ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવી દઇ તોડી પાડવામાં આવ્યું હતું.

# રાજુલાના પીપાવાવ પોર્ટની ગેસ કંપની દ્વારા ટેન્કર મારફતે ઓઇલનુ વહન કરતા પ્રદુષણની સમસ્યા અંગે સ્થાનિકોએ આવેદનપત્ર પાઠવ્યું

**મુખ્ય સમાચાર, રાજુલા**

રાજુલા તાલુકાના પીપાવાવ પોર્ટની અંદર આવેલ ગલ્ફ ગેસ કંપની અને તેના પેટા કોન્ટ્રાક્ટ દ્વારા રામપરા-૨ ગામે આવેલ રેલ્વે સ્ટેશન પરથી ટ્રેન મારફતે આવેલ ઓઇલને ટેન્કરો દ્વારા રોડ પરથી વહન કરવામા આવતા હોય જેથી આ ઓઇલ અને કેમિકલના કારણે આસપાસના વિસ્તારમાં મોટા પ્રમાણમાં પ્રદુષણ ફેલાય રહ્યુ છે. ત્યારે આ પ્રદૂષણને રોકવા માટે રામપરા ગામના સ્થાનિકો ખેડૂતો તથા આગેવાનોએ પ્રદૂષણની સમસ્યા લઇ રાજુલા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી રજૂઆત કરવામા આવી હતી. આ ગેસ કંપની દ્વારા ટેન્કર મારફતે ઓઇલનું



વહન બંધ કરવામા આવે તેવી માંગ કરી હતી. આ આવેદનપત્રમાં જણાવેલ કે, આ ઓઇલ અને કેમીકલ્સના કારણે આજુબાજુના વિસ્તારમાં મોટા પ્રમાણમાં પ્રદુષણ ફેલાય છે. જેના કારણે જીવસૃષ્ટિને પણ મોટુ જોખમ હોવાથી ઓઇલ દરિયાઈ માર્ગને બદલે આ રીતે ટ્રેન મારફત લાવવામાં આવે છે. તેમજ ટેન્કરોમાંથી ઓઇલ ઢોળવાને કારણે અકસ્માત કે દુર્ઘટના થાય તેવી પુરી સંભાવના છે. ત્યારે કોઈ દુર્ઘટના સર્જાઇ તો જવાબદાર કોણ તેવો સવાલ ઉઠયો છે. ઉપરાંત ગલ્ફ ગેસ કંપની દ્વારા રામપરા-૨ રેલ્વે સ્ટેશન પરથી જે રીતે ખુલ્લામાં ઓઈલની હેરફેર કરે છે જે અંગેની કોઈ જાતની મંજુરી વગર કરે છે જે કેટલાક વિભાગોને આર્થિક વહીવટ કરીને આ ઓઈલ રેલ્વેમાંથી ટેન્કરમાં ટ્રાન્સફર કરવામાં આવે છે જે ગેરકાયદેસર રીતે કરવામાં આવે છે જેને તાત્કાલીક અટકાવવામા આવે તેવી માંગ સાથો પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી રજૂઆત કરાઇ હતી.

# કલેકટરના આદેશ બાદ ડીએસઓ અને મધ્યાહન ભોજનની ટીમોના ૭ થી ૮ કેન્દ્રો ઉપર દરોડાનો

## સડેલા અનાજના વિવાદની આગ હજુ લબકારા મારી રહી છે લોધીકામાં બે સ્કૂલ ઝપટેઃ અનાજ તથા બાળકોની સંખ્યા સહિત તમામ બાબતોની તપાસણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર-જીલ્લામાં સસ્તા અનાજની દુકાનો ઉપર સડેલા અનાજના વિતરણનો વિવાદ ઉભો થયા બાદ પૂરવઠાના દરોડા પડયા અને નમુના લેવાયા...પરંતુ રાજકોટ કલેકટર શ્રી પ્રભવ જોષીની સીધી સૂચના બાદ આજ બપોરથી ડીએસઓ શ્રી રાજશ્રી વાંઘવાણી અને મધ્યાહન ભોજન યોજનાના રીના મેડમની ટીમો રાજકોટ અને લોધીકા ક્ષેત્રના ૭ થી ૮ મધ્યાહન ભોજન કેન્દ્રો ઉપર ત્રાટકી છે, અને બાળકોને અપાતા ભોજન અને તમામ પ્રકારનું કાચૂ અનાજ, તેલ, મરી-મસાલા, ગોળ-ઘી-ચણા-દાળ વિગેરેની ચકાસણી શરૂ કરી છે, અનાજ સડેલુ છે કે કેમ તે જોવાઇ રહ્યું છે.

લોધીકા તાલુકાની બે શાળા કુમાર છાત્રાલય અને કન્યા છાત્રાલય ખાતે ટીમો દોડી ગઇ છે, અને તમામ બાબતો ચકાસી, તથા કુલ કેટલા બાળકો ભોજન લ્યેછે, અને બને છે કેટલાનું, સંખ્યામાં તફાવતો નથીને તે પણ જોવાઇ રહ્યું છે, તાજેતરમાં પુરવઠા સલાહકાર સમિતિની મીટીંગમાં સાંસદ રામભાઇ મોકરીયા તથા ચેમ્બરના પ્રતિનિધિ રાજુભાઇ જુંજાએ કલેકટર સમક્ષ સડેલા ઘઉં-ચોખા-દાળ રજુ કરતા, પ્રભવ જોષી ચોંકી ઉઠયા હતા અને તેના ગયા અઠવાડિયે ગાંધીનગર-રાજકોટ પુરવઠાની ટીમોએ સસ્તા અનાજના દુકાનદારોને ત્યાં દરોડા પાડી અનાજના નમુના લઇ લેબોરેટરીમાં મોકલ્યા હતા, ત્યાં આજે ડીએસઓ અને મધ્યાહન ભોજનની ટીમોએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે, સંભવતઃ સાંજ સુધીમાં કલેકટરને રીપોર્ટ કરાશે.

# એઇડ્સ પ્રિવેન્શાન ક્લબ દ્વારા રેડ રિબન, રેલી, સેમિનાર જેવા વિવિધ કાર્યક્રમો યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શુક્રવારે વિરાણી સ્કૂલ ખાતે સવારે ૯:૩૦ વાગે રેડ રિબન, શનિવારે રેસકોર્સ એથલેટીક ગ્રાઉન્ડ ખાતે સવારે ૯:૩૦ વાગે રેકોર્ડ બ્રેક બે હજાર ફૂટની વિશાળ રેડ રિબન બનાવવામાં આવશે.

રાજકોટ શહેરમાં છેલ્લા સાડા ત્રણ દાયકાથી સતત અને સક્રિય રીતે એઇડ્સ જન જાગૃતિનું કાર્ય કરતી એઈડ્સ પ્રિવેન્શન ક્લબ દ્વારા ૧ લી ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે શહેરમાં રેડ રિબન, રેલી સેમિનાર જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. ચાલુ માસના અંતથી ૩૧ મી માર્ચ ૨૦૨૫ સુધી સતત ચાર મહિના બસોથી વધુ કાર્યક્રમ યોજીને લાખો લોકોમાં સંસ્થા જનજાગૃતિનું ભગીરથ કાર્ય કરશે.

સમગ્ર કાર્યક્રમની વિગત જણાવતા ચેરમેન અરૂણ દવે જણાવેલ છે કે, શુક્રવારે સવારે નવ વાગે વિરાણી હાઇસ્કુલ ખાતે ૧૫૦૦ છાત્રોની રેડ રિબન નિર્માણ કરાશે, જ્યારે શનિવારે વિશ્વ એઈડ્સ દિવસના પૂર્વ સૂર્યોદયે રેસકોર્સ એથલેટિક ગ્રાઉન્ડ ખાતે જીટી શેઠ સ્કૂલના સથવારે બે હજાર ફૂટ લાંબી રેકોર્ડ બ્રેક રિબન ૧૫૦૦ છાત્રો નિર્માણ કરશે, જેમાં રેડ કલરનું કાપડ વિશેષ આકર્ષણ ઉભુ કરશે.

# ગીર ગઢડાના રસુલપરા ગામે દૂધનો ટેમ્પો પલ્ટી ખાઈ ગયો

**મુખ્ય સમાચાર, ઊના**

ગીરગઢડાના રસુલપરા ગામના વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે દૂધનાં ટેમ્પોમાં બેસીને જઈ રહ્યા હતા ત્યારે ઝાંખીયા રોડ પર અચાનક ટેમ્પો ચાલક સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા પલ્ટી ખાઇ હતી. જેમાં બેસેલા વિદ્યાર્થીઓને ઇજા પહોંચતા સારવાર અર્થે ઉના ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. જોકે અકસ્માત સર્જાતા રસ્તા પર વાહનોની ટ્રાફિક જામ થઈ ગઈ હતી. ઉલ્લેખનીય છેકે રસુલપરા ગામમાં એસટી બસ ન આવતી હોવાથી વિદ્યાર્થીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. અને કોઈ પણ ખાનગી વાહનોમાં અભ્યાસ માટે



આવવું પડે છે. ત્યારે આજના આ અકસ્માતથી વાલીઓ ચિંતામાં મુકાઇ ગયા હતા.ગીરગઢડાના ઝાંખીયા રોડ પર રસુલપરા થી દૂધ ભરેલ ટેમ્પો આવતો હતો. જેમાં ગીરગઢડા ખાતે જતાં સ્કૂલનાં વિદ્યાર્થીઓ પણ આ ટેમ્પોમાં બેઠા હતા. અને ગીરગઢડા અભિનવ સ્કૂલે અભ્યાસ અર્થે ટેમ્પોમાં બેસીને જઈ રહ્યા હતા. ત્યારે ગીરગઢડા ઝાંખીયા વચ્ચે ટેમ્પો ચાલક સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા ટેમ્પો રસ્તા પરજ પલ્ટી ખાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત સર્જાતા ૫ થી વધુ વિદ્યાર્થીઓને ઇજા પહોંચી હતી. જેથી તાત્કાલિક ઉના ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ છે.